# જાહેરાત નં. ૨૧૧
## તા. ૨૯/૦૩/૨૦૧૮

# સંકુલ ગૌશાળા ટ્રસ્ટ – ગૌશાળાની જમીન જાહેર ખૂલાસો

★ સંકુલ ગૌશાળા ટ્રસ્ટ (નો. નં. ઈ. ૧૨૯૭ અમરેલી) અને સંકુલ શૈક્ષણિક ટ્રસ્ટ (નોં. નં. F ૭૨૮ સુરત) એમ બન્ને ટ્રસ્ટ અલગ અલગ છે અને બન્ને ટ્રસ્ટનાં હેતુઓ પણ અલગ અલગ છે. પરંતુ બન્ને ટ્રસ્ટનાં ટ્રસ્ટીઓ સેઈમ છે.

★ સંકુલ ગૌશાળા ટ્રસ્ટે અમરેલીનાં રે. સ. નં. ૩૩૪ ની જમીન એકર ૭–૦ ગુઠાની તા. ૧૩/૦૩/૨૦૦૧ નાં રોજ ગૌશાળા માટે જમીન મળવાની માગણી મુકેલ છે.

★ જે બાબત કસ્બા તલાટીશ્રી, મામલતદારશ્રી અને કલેકટરશ્રીએ આ બાબત સરકારશ્રીમાં અમારી માગણી મંજુરી અર્થે ફોરવર્ડ કરેલ છે. તેમજ અમારી માગણી અર્થે તત્કાલીન સાંસંદશ્રી દિલીપભાઈ સંઘાણી તત્કાલીન મંત્રીશ્રી બાવકુભાઈ ઉંધાડ તત્કાલીન ધારાસભ્યશ્રી પરેશભાઈ ધાનાણી અને તત્કાલીન ધારાસભ્યશ્રી કાળુભાઈ વિરાણી એ સરકારશ્રીનાં તત્કાલીન મહેસુલમંત્રીશ્રી કૌશીકભાઈ પટેલ ને ભલામણ કરેલ છે.

★ કેટલાક ટેકનીકલ કારણો સર દરખાસ્ત મંજુર થયેલ નથી પરંતુ માગણી વાળી જમીન ઉપર ગૌશાળા કાર્યરત હોય માલતદાર કોર્ટ અને કલેકટરશ્રી માંથી વપરાશી જમીનને દબાણ ગણી અમારી પાસેથી મહેસુલ અને શિક્ષણ ઉપકર તેમજ દંડ પણ વસુલ કરેલ છે અને અમોએ દંડ વિગેરેની રકમ ચેકથી ભરેલ છે અને કસ્બા તલાટીશ્રી તરફથી પહોંચ પણ મળેલ છે.

★ અમારી માગણી નામંજુર થયેલ હોય કલેકટરશ્રી અને માલતદારશ્રી તરફથી જમીન ખાલી કરી આપવાનાં હુકમ પણ થયેલ છે અને અમોએ હુકમ સામે પુનઃ માગણી અરજીઓ પણ કરેલ છે જેમાં સરકારશ્રીનાં ધારાધોરણ મુજબ ટોકન ભાડા થી અથવા વ્યાજબી કીંમત વસુલી ગૌશાળા માટે જમીન ફાળવવાની વિનંતિ નો સમાવેશ થાય છે.

★ ગુજરાત સરકાર મહેસુલ વિભાગનાં ઠરાવ ક્રમાંક જમન/૩૯૧૧/૩૧૯૪/ગ–સચિવાલય ગાંધીનગર તા.૦૧/૦૪/૨૦૧૫ ની જોગવાઈ મુજબ ગૌશાળા માટે વપરાશની જમીન સામે અન્યત્રથી જમીન મેળવી યા ખરીદી – જમીન સામે જમીન આપવાથી વર્તમાન જમીનને નિયમિત કરી આપવાની જોગવાઈ છે જે મુજબ પણ સંકુલ ગૌશાળા ટ્રસ્ટ જમીન સામે અન્યત્ર થી જમીન મેળવી યા ખરીદ કરી આપવા ખૂશી અને તૈયાર છે એટલે કે ગૌચર સામે અન્ય જમીન મેળવી ગૌચર જાળવવાનાં સુપ્રિમ કોર્ટનાં ચુકાદા અને સરકારશ્રીનાં નિતિ નિયમોનું પાલન કરવા સંકુલ ગૌશાળા ટ્રસ્ટ ખૂશી અને તૈયાર છે.

★ સંકુલ ગૌશાળા ટ્રસ્ટની જમીનમાં ગૌશાળા જ ચાલે છે તે શિવાયનો કોઈ હેતુ નથી ગૌશાળાની ગાયનું દુધ સંકુલની ગર્લ્સ માટેજ વપરાય છે. આમછતા સરકારશ્રી તરફી થી માગણી મુજબ જમીન મંજુર નહી થાય અને ખાલી કરવાનો આગ્રહ રહેશે તો સંકુલ ગૌશાળા ટ્રસ્ટ સરકારશ્રીની સુચનાનું પાલન કરવા બંધાયેલ છે તેની ખાત્રી ઉચ્ચારે છે.

– સ્થાનિક વ્યવસ્થાપક

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત–સંચાલીત ★ સ્થળ: શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ, અમરેલી ★ ફોન. :– ૦૨૭૯૨–૨૩૨૩૨૧ થી ૨૬ ફેકસ : ૨૭ Ad211

---

**લોકલ – મોટા છાપા**

સે.મી. × કોલમ
21× 3 = 63 સે.મી.
અંદરનાં ગમે તે પેઈઝ પર લેવી.

૧) અવધ ટાઈમ્સ ______
૨) અમરેલી એક્સપ્રેસ ______
૩) સંજોગ ન્યુઝ ______
૪) દિવ્ય પ્રકાશ ______

**લોકલ – પત્રીકા**

સે.મી. × કોલમ
21 × 3 = 63 સે.મી.

૧) રઘુવંશી ______
૨) સરગમ ______
૩) પેજર ______
૪) અમર ______

**મેનેજમેન્ટ વતી**

★ તમામ મુખ્ય નોટીસબોર્ડ (૦૩) ★ તમામ સ્ટાફરૂમ (૧૮)
★ તમામ ઓફીસ રૂમ (૦૮) ★ તમામ હોસ્ટેલ નોટીસ બોર્ડ (૧૧)